NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**
**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

## -- :: પરિપત્ર ::--

**વિષય:– મુસાફરી ભથ્થા બીલ રજુ કરવા બાબત...**

આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ ને જણાવવાનું કે, યુનિવર્સિટીના આઈટી વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલ **ટુર સોફ્ટવેર**નું અમલીકરણ **૦૯/૦૭/૨૦૧૨**થી કરવામાં આવેલ છે. ત્યાર બાદ વખતો વખત ટુર સોફ્ટવેર માં જરૂરિયાતો મુજબ જરૂરી સુધારા વધારાઓ કરી તાલીમોનું આયોજન પણ કરવામાં આવેલ છે.

ટુર સોફ્ટવેરના અમલીકરણના ભાગ રૂપે અત્રેની કચેરીની તિજોરી શાખામાં મુસાફરી ભથ્થા ના બીલો પાસીંગ અર્થે રજુ કરતા પહેલા ઓનલાઇન ટુર સોફ્ટવેર માં મુસાફરી કરવા બાબતે ગુજરાત રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ (સત્તા સોંપણી) નિયમો ૨૦૧૧ ના સ્ટે. ૧૨૧ અન્વયે મંજુરી મેળવવા **ઓનલાઈન ટુર સબમિટ** કરવું જરૂરી છે, જે અંગે અત્રેની કચેરીની તિજોરી શાખામાં મુસાફરી ભથ્થાના બીલોની ચકાસણી કરતા ધ્યાને આવેલ છે કે ઘણી કચેરીઓ દ્વારા મુસાફરી ભથ્થા ના બીલો પાસીંગ અર્થે રજુ કરવામાં આવે છે જેમાં ઓન લાઈન **ટુર પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવેલો જણાતો નથી**. જેથી હવેથી જે તે કચેરીએથી રજુ કરવામાં આવતા મુસાફરી ભથ્થાના બીલો સાથે ટુર ડાયરીમાં ઓન લાઈન ટુર પ્રોગ્રામમાં જનરેટ થયેલ **યુનિક નંબર** નીચે જણાવ્યા પ્રમાણે ફરજીયાત દર્શાવવાનો રહેશે.

વધુમાં જે મુસાફરી ભથ્થાના બીલોની ટુર ડાયરીમાં ઓન લાઈન ટુર પ્રોગ્રામમાં જનરેટ થયેલ યુનિક નંબર દર્શાવવામાં આવેલ ન હશે તેમનું મુસાફરી ભથ્થા બીલ તિજોરી શાખામાં **પાસ કરવામાં આવશે નહીં** તેમજ મુસાફરી ભથ્થાના બીલો સાથે **ઓનલાઈન ટુર એપ્રુવ થયા અંગેની પ્રિન્ટ મોકલવું નહીં**. જેની ખાસ નોંધ લેવી.

**પ્રવાસ ડાયરી**

કર્મચારીનું નામ:–  હોદ્દો:–  માહે:– મે–૨૦૨૧ થી ઓગષ્ટ–૨૦૨૧

| વિગત | | | પહોચ્યા વિગત | | | વાહનનો પ્રકાર | કિ.મી. | પ્રવાસનો હેતુ | ઓન લાઈન ટુર સોફટવેરનો યુનિક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્થળ | તારીખ | સમય | સ્થળ | તારીખ | સમય | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

4151632910895

**હિસાબ નિયામક**

**જા.નં.નકૃયુ/હિનિ/વહટ/૮૮૦૨–૦૪/૨૦૨૧ નવસારી,**
**તા. ૨૮/૧૦/૨૦૨૧**

**નકલ જય ભારત સાથ રવાના:–**

(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ /સબ યુનિટ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ.

**નકલ રવાના:–**

વહિવટી-વ-હિસાબી અધિકારી, ન.કૃ.યુ., નવસારી તરફ સદરહું પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા સારુ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.